**ક્રિ.કેસ. નં. ૭૩૯૨૬/૨૦૨૨**

૧. આ કામના આરોપી સામે ઈ.પી. કોડની કલમ– ૧૮૮ ,૧૩૧ મુજબનો ગુનો નોઘવામાં આવેલ છે અને તપાસના અંતે આરોપી વિરુધ્ધ સદર કલમ અન્વયેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે.

૨. આરોપી અત્રેની કોર્ટમાં હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે આરોપીને પુછતા તેઓએ સ્વૈચ્છીક રીતે ગુનાની કબુલાત કરેલ છે આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોય તે નહી માનવા માટે કોઈ કારણ નથી જેથી આરોણીનજી કબુલાત ઘ્યાને લઈ તેમને સજા અંગે પુછતા જણાવેલ છે કે તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે આમ ઉપરોકત તમામ સંજોગો ગુનાની હકીકત અને સજાની જોગવાઈ જોતા ન્યાયના હીતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબનો આરખરી હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ ::–**

આ કામના આરોપી ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૨ અન્વયે ઈ.પી.કોડની કલમ– ૧૮૮,૧૩૧ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપી નેરૂ .. ૧૦૦ (અંકેરૂપિયા.સોપુરા) નો દંડ કરવામાં આવે છે જો આરોપી દંડ ન ભરે તો દિન– ૧ (એક) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૨ મી નવેમ્બર ૨૦૨૨ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં જાહેર કરવામાં આવેલ છે.

અમદાવાદ.
તા. ૧૨.૧૧.૨૦૨૨

એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૦, અમદાવાદ.